પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૫૯ | ૧૯ ઓગસ્ટ, ૨૦૧૯, સોમવાર; શ્રાવણ વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# હવે વાતચીત માત્ર પીઓકે પર જ થશે

**હરિયાણામાં જનસભામાં રાજનાથસિંહની પાકિસ્તાનને ચેતવણી : બાલાકોટમાં ભારતે ભીષણ હુમલાઓ કરીને ભારે નુકસાન કર્યુ હતું તે બાબતની કબૂલાત હવે પાકિસ્તાની વડાપ્રધાન કરી ચુક્યા છે : પાકિસ્તાન આતંકવાદનો ખાત્મો ના કરે ત્યાં સુધી કોઈ વાતચીત નહીં, સરકાર રહે કે ન રહે અમે ભારત માતાના મસ્તકને ક્યારેય ઝૂકવા નહીં દઈએ : રાજનાથસિંહ**

પંચકુલા, તા. ૧૮

જમ્મુ કાશ્મીરને ખાસ દરજ્જો આપનાર કલમ ૩૭૦ને દૂર કરવામાં આવ્યા બાદ હચમચી ઉઠેલા પાકિસ્તાનને ચેતવણી આપતા આજે સંરક્ષણમંત્રી રાજનાથસિંહે કહ્યું હતું કે, હવે માત્ર પોકના મુદ્દા ઉપર જ વાતચીત થશે. તેમણે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, હવે પાકિસ્તાન સાથે જે પણ વાતચીત થશે તે પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીર (પોક) ઉપર વાતચીત થશે. સંરક્ષણમંત્રીએ આજે હરિયાણાના કાલકામાં એક જનસભાને સંબોધતા કહ્યું હતું કે, પાકિસ્તાનને આ બાબતનો ભય પહેલાથી જ દેખાઈ રહ્યો હતો. હાલમાં એવા અહેવાલ આવ્યા હતા કે, ઈમરાન ખાન સરકારને એવો ભય છે કે, કલમ ૩૭૦ની નાબૂદી બાદ ભારત હવે પોકમાં બાલાકોટ કરતા પણ મોટી કાર્યવાહી કરી શકે છે. રાજનાથસિંહે કહ્યું હતું કે, પુલવામામાં અમારા સુરક્ષા જવાનોની સાથે જે કંઈપણ બન્યું ત્યારબાદ ૫૬ ઈંચની છાતી ધરાવનાર અમારા વડાપ્રધાને નિર્ણય કર્યો કે ઈંટનો જવાબ પથ્થરથી આપવાનો સમય છે અને ત્યારબાદ એરફોર્સના અમારા જવાનોએ બાલાકોટમાં જઈને ત્રાસવાદીઓનો ખાત્મો બોલાવ્યો હતો. પાકિસ્તાનના વડાપ્રધાન પહેલા કહેતા હતા કે, કંઈપણ થયું નથી. એક પણ વ્યક્તિનું મોત થયું નથી. હવે પોકમાં ઉભા થઈને કહી રહ્યા છે કે, ભારત બાલાકોટ એરસ્ટ્રાઈક કરતા પણ મોટી સ્ટ્રાઈક કરી શકે છે. આનાથી સ્પષ્ટ છે કે, પાકિસ્તાની વડાપ્રધાન સ્વીકારી ચુક્યા છે કે, બાલાકોટમાં ભારતે ભીષણ હુમલા કર્યા હતા અને ભારે નુકસાન પહોંચાડ્યું હતું. વિધાનસભા ચૂંટણી પહેલા ભાજપની જનઆશીર્વાદ રેલીને લીલીઝંડી આપતા પહેલા

● અનુસંધાન પાન-૭ પર



## સારા વરસાદથી બમ્પર પાકની ઉજળી બનેલ આશા

**સોના-ચાંદી અને વાહનોની માંગમાં વધારો થશે : અર્થવ્યવસ્થાને સપોર્ટ મળી શકે : ખેડૂતોની આવક વધશે ઓગસ્ટ માસમાં સામાન્ય કરતા ૩૫ ટકા વધારે વરસાદ**

નવી દિલ્હી, તા. ૧૮

મોનસુનની સિઝનમાં દેશના જુદા જુદા રાજ્યોમાં પુરની સ્થિતિ સર્જાયેલી છે પરંતુ શાનદાર મોનસુનના પરિણામ સ્વરુપે બમ્પર પાક થવાની આશા જાગી છે જેના પરિણામ સ્વરુપે સોના અને વાહનોની માંગમાં વધારો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. મોનસુનની સિઝનમાં બાકી અવધિમાં ખેતીવાડી માટે સાનુકુળ માહોલ સર્જાયેલો છે. જળાશયોમાં ભારે વરસાદથી પુરતા પ્રમાણમાં પાણી આવી ચુક્યું છે. ખરીફ પાક વાવણીમાં તેજી આવી ચુકી છે. જાણકાર લોકોનું કહેવું છે કે, આ વર્ષે સારા મોનસુનના પરિણામ સ્વરુપે અનાજનું રેકોર્ડ ઉત્પાદન થઈ શકે છે. આવું થવાની સ્થિતિમાં અર્થવ્યવસ્થાને ખુબ ટેકો મળશે. કારણ કે, આનાથી ખેડૂતોની આવક વધશે. તહેવારની સિઝનમાં મોટાપ્રમાણમાં વાહનો અને સોના ચાંદીની ખરીદી થઈ શકે છે. ઓગસ્ટ મહિનામાં વરસાદ સામાન્યની સરખામણીમાં ૩૫ ટકા વધારે રહ્યો છે. જેના લીધે ખરીફ પાકની વાવણીમાં વધારો થયો છે. જળાશયોમાં છેલ્લા ૧૦ વર્ષની સરખામણીમાં આ વર્ષે ૨૫ ટકા વધારે પાણી છે જેથી ખેતીવાડીને લઈને ચિત્ર સંપૂર્ણપણે બદલાઈ રહ્યું છે. જૂન મહિનામાં ચિત્ર ખુબ ખરાબ દેખાઈ રહ્યું હતું તે વખતે વરસાદ સામાન્યની સરખામણીમાં એક તૃતિયાંશ કરતા પણ ઓછો રહેવાના લીધે સરકારી અધિકારીઓ દુકાળની સ્થિતિને લઈને રાહતોના પાસા ઉપર વિચારી રહ્યા હતા. જળાશયોમાં પાણી ખુબ ઓછુ હતું. જળાશયોમાં પાણીના સ્તરના સીધા સંબંધ મોનસુન બાદ પીવાના પાણીની જરૂરિયાત, સિંચાઈ અને વિજળી ઉત્પાદન સાથે રહે છે. હવે ખરીફ પાકમાં ઉત્પાદન ખુબ શાનદાર રહેવાની શક્યતા છે. આનાથી ખેડૂતોની આવક વધશે. તહેવારની સિઝન દરમિયાન માંગમાં વધારાને ધ્યાનમાં લઈને વાહનો, સોના ચાંદી, કન્ઝ્યુમ ગુડ્ઝના વેચાણમાં વધારો થશે.

# ઉત્તરકાશીમાં વાદળ ફાટતા ભારે તબાહી



**મોટી સંખ્યામાં લોકો લાપત્તા થતાં તંત્ર ચિંતિત : ટોન્સ નદી વિકરાળ સ્વરુપમાં**

દહેરાદૂન, તા. ૧૮

ઉત્તરાખંડના ઉત્તરકાશી જિલ્લામાં વાદળ ફાટવાની ઘટનાના કારણે ભારે તબાહી થઈ છે. શિમલા સાથે જોડાયેલી સરહદની પાસે ભારે વરસાદ વચ્ચે અનેક લોકો લાપત્તા થયા છે. સ્થાનિક લોકોના કહેવા મુજબ આ વિસ્તારમાં વાદળ ફાટવાના કારણે અનેક લોકો પાણીમાં ડુબી ગયા છે. અલબત્ત વહીવટીતંત્ર દ્વારા આને માત્ર ભારે વરસાદ સાથે થયેલી ઘટના તરીકે ગણાવી રહ્યા છે. ઉત્તરકાશીના અધિકારીઓના કહેવા મુજબ ભારે વરસાદના લીધે અનેક મકાનોને ભારે નુકસાન થયું છે. ઉત્તરકાશીના મોરી તાલુકા, આરાકોટ અને ટિકોચી સહિતના વિસ્તારોમાં વાદળ ફાટવાની ઘટનાથી હાલત કફોડી બની ગઈ છે. મકાનો સુધી પાણી ભરાઈ ગયા છે. અધિકારીઓની ટુકડી કાફલા સાથે પહોંચી રહી છે. તમામ વિસ્તારોમાંથી અસરગ્રસ્ત લોકોને સુરક્ષિતરીતે બહાર કાઢવા એસડીઆરએફ, આઈટીબીટી અને રેડક્રોસની ટુકડી પહોંચી ચુકી છે. લાપત્તા થયેલા લોકોને શોધી કાઢવા માટેનું ઓપરેશન ચાલુ રહ્યું છે. એનડીઆરએફની ટુકડી પણ ફસાયેલા લોકોને સુરક્ષિત સ્થળો પર ખસેડવાની કામીગરીમાં વ્યસ્ત છે.

આઈટીબીટી અને એસડીઆરએફની ટુકડીઓ પણ બચાવ કામગીરીમાં લાગેલી છે. અનેક મકાનો ટોન્સ નદીના પાણીના પ્રવાહમાં તણાઈ જતાં મોટી ખુવારી થઈ હોવાના અહેવાલ મળ્યા છે પરંતુ આને સમર્થન મળી રહ્યું નથી.

● અનુસંધાન પાન-૭ પર

## ગુજરાતમાં આતંકી હુમલાની દહેશતઃ રતનપુર બોર્ડર સીલ

ગાંધીનગર,તા.૧૮

કાશ્મીરમાંથી ૩૭૦ની કલમ રદ કરાતાં જ ભારતભરમાં આતંકી હુમલાની દહેશત છે. તેવામાં ગુજરાતમાં પણ આતંકી હુમલાને લઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આતંકી હુમલાની દહેશતને પગલે બોર્ડર હાઈએલર્ટને પગલે ગુજરાત-રાજસ્થાનની રતનપુર બોર્ડર સીલ કરાઈ છે. બોર્ડર પાસે પોલીસ સાથે એસઆરપીની હથિયારધારી ટુકડીને તહેનાત કરવામાં આવી છે. હાલ ટ્રક સહિત વાહનોની સઘન તપાસ કરવામાં આવી રહી છે.

કાશ્મીરમાંથી ૩૭૦ની કલમ હટાવ્યા બાદ સમગ્ર ભારતમાં મોટા આતંકવાદી હુમલાને પગલે સેન્ટ્રલ આઈબીએ ગુજરાતમાં પણ હાઈ એલર્ટ આપ્યું છે. ત્યારે રાજ્યની જે અંતરરાજ્ય સરહદો છે, તે તમામ સરહદો પર ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. ત્યારે રાજ્યના ડીજીપીના આદેશ બાદ રાજસ્થાન

● અનુસંધાન પાન-૭ પર

# ભારત-ભુટાન જેવા પડોશી વિશ્વમાં કોઈ જ નથી : મોદી

**રોયલ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને સંબોધન : વિકાસ અને પર્યાવરણ ભુટાનમાં એકબીજાના રસ્તાઓમાં અડચણરૂપ નથી : અસલી તાકાત લોકોની છે : વડાપ્રધાન**





નવી દિલ્હી, તા. ૧૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતાના ભુટાન પ્રવાસના બીજા દિવસે આજે રોયલ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને સંબોધન કરીને તેમનું માર્ગદર્શન કર્યું હતું. તેમણે કહ્યું હતું કે, હાલના સમયે ભારતીય યુનિવર્સિટીઓમાં ચાર હજારથી વધારે ભુટાણી વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. હવે આ સંખ્યા વધવી જોઈએ. તેમણે કહ્યું હતું કે, દુનિયા ભુટાનને તેના ગ્રોસ નેશનલ હેપ્પીનેસના કોન્સેપ્ટથી જાણે છે. ભુટાનને એકતા અને કરૂણાની ભાવના સાથે જોવામાં આવે છે. વિકાસ અને પર્યાવરણ ભુટાનમાં એક બીજાના રસ્તામાં અડચણરુપ નથી. રોયલ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સાથે સંબોધન વેળા મોદીએ કહ્યું હતું કે, આજે રવિવાર હોવા છતાં વિદ્યાર્થીઓને લેકચર માટે પહોંચવાની ફરજ પડી છે પરંતુ તેમને પોતાને વિદ્યાર્થીઓની વચ્ચે આવીને ખુશી થઈ રહી છે. ભુટાન આવનાર કોઈપણ વ્યક્તિને અહીંની કુદરતી સુંદરતા અને

● અનુસંધાન પાન-૭ પર

## ઓમર અબ્દુલ્લા હોલિવુડની ફિલ્મો જોઈને સમય ગાળે છે

**જીમમાં જવા અને મોર્નિંગ વોકની મંજુરી મળી : પેલેસમાં ખુબ જગ્યા હોવાથી તમામ સુવિધાઓ : મહેબુબા મુફ્તીને મોર્નિંગ વોકની મંજુરી : પુસ્તકો વાંચવામાં વ્યસ્ત**

શ્રીનગર, તા. ૧૮

જમ્મુ કાશ્મીરમાંથી કલમ ૩૭૦ને દૂર કરવામાં આવ્યા બાદ છેલ્લા કેટલાક દિવસથી કસ્ટડીમાં રહેલા નેશનલ કોન્ફરન્સના નાયબ અધ્યક્ષ અને રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા હોલીવુડની ફિલ્મો જોઈને તથા જીમમાં પરસેવો પાડીને સમય ગાળી રહ્યા છે. ઓમર અબ્દુલ્લાને શ્રીનગરના ગુપ્તકર રોડ સ્થિતત સરકારી ગેસ્ટ હાઉસમાં રાખવામાં આવ્યા છે. હરિ નિવાસ પેલેસમાં રહેલા ઓમર અબ્દુલ્લા કસ્ટડીમાં તમામ સુવિધાઓ હોવા છતાં પરેશાન દેખાઈ રહ્યા છે. બીજી બાજુ રાજ્યના અન્ય પૂર્વ મુખ્યમંત્રી અને પીડીપી અધ્યક્ષ મહેબુબા મુફ્તીને ચશ્મેશાહીમાં રાખવામાં આવ્યા છે જ્યાં પુસ્તકો વાંચીને સમય ગાળી રહ્યા છે. તેમને નજીકના મોગલ ગાર્ડન



વિસ્તારમાં ફરવાની મંજુરી આપવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

# જમ્મુના પાંચ જિલ્લામાં ઈન્ટરનેટ સેવા પુનઃ બંધ

**અફવાઓનું બજાર ગરમ થતાં સાવચેતીરૂપે નિર્ણય : હિંસાને ટાળવા માટે ફરીવાર ઇન્ટરનેટ સર્વિસ બંધ કરાતા સામાન્ય લોકો હેરાન : અફવાઓથી બચવા માટેની સૂચના**

જમ્મુ, તા. ૧૮

કલમ ૩૭૦ની નાબૂદી થયા બાદ જમ્મુમાં ફેલાવવામાં આવી રહેલી અફવાઓને રોકવા માટે આજે ફરી એકવાર પાંચ જિલ્લા જમ્મુ, સાંબા, કઠુઆ, ઉધમપુર અને રિયાસીમાં મોબાઈલ ઈન્ટરનેટ સેવા બંધ કરી દેવામાં આવી છે. એક દિવસ પહેલા જ આ તમામ વિસ્તારોમાં ઓછી ઝડપ સાથે ટુજી મોબાઈલ ઈન્ટરનેટ સેવા શરૂ કરવામાં આવી હતી. અફવાથી બચવાને લઈને તથા સમગ્ર વિસ્તારમાં શાંતિ જાળવી રાખવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. પોલીસના એક અધિકારીએ કહ્યું છે કે, સંબંધિત અધિકારીઓને તમામ ઈન્ટરનેટ સેવાને તાત્કાલિક ધોરણે બંધ કરવાનો હુકમ કરવામાં આવ્યો છે. અફવાઓનું બજાર ગરમ થયું છે. કેન્દ્ર સરકાર દ્વારા જમ્મુ કાશ્મીરને ખાસ દરજ્જો આપનાર કલમ ૩૭૦ને નાબૂદ કરવામાં આવ્યા બાદ તેને બે કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ કાશ્મીર અને લડાખમાં વિભાજિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. એક દિવસ પહેલા જ ચોથી ઓગસ્ટના દિવસે પણ કેટલાક મહત્વના નિર્ણય લેવામાં આવ્યા હતા. જમ્મુ ક્ષેત્રના પાંચ જિલ્લામાં ટુજી મોબાઈલ ઈન્ટરનેટ સેવા શરૂ કરવામાં આવ્યા બાદ જમ્મુના પોલીસ મહાનિર્દેશક મુકેશ સિંહે ચેતવણી આપતા કહ્યું હતું કે, સોશિયલ મિડિયા ઉપર બોગસ સંદેશા અને વિડિયો પ્રસારિત કરનાર સામે કઠોર કાર્યવાહી કરવામાં આવશે. બીજી બાજુ જમ્મુ કાશ્મીરના રાજૌરી જિલ્લામાં ફેસબુક ઉપર જાહેર વ્યવસ્થા માટે ખતરા તરીકે હોવાની વાત કરનાર બે લોકોની સામે વાત કરવામાં આવી છે. આ બે શખ્સોની ઓળખ અતીક ચૌધરી અને ફારુક ચૌધરી તરીકે થઈ છે. ફેસબુક આઈડી ક્રમશઃ ચૌધરી અતીક રાજૌરી અને ફારુક ચૌધરીના નામથી મળતા કાર્યવાહી કરવામાં આવી છે. બંનેની સામે ધર્મ અને ક્ષેત્રના આધાર પર નફરત ફેલાવવાના મામલામાં કેસ દાખલ કરવામાં આવ્યો છે.

**જોઈએ છે સફાઈ કામદારો**

અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલીત શ્રી જે. એમ. ચૌધરી કન્યા વિદ્યા સંકુલમાં સફાઈ કામદારો જોઈએ છે. રસ ધરાવતા ભાઈ બહેનોએ તા.૨૧-૦૮-૨૦૧૯ને મંગળવાર સુધીમાં સવારે ૯ થી ૧૨ કલાક દરમ્યાન રૂબરૂ સંપર્ક કરવો.

સ્થળઃ જે.એમ.ચૌધરી વિદ્યા સંકુલ, સે.૭, ગાંધીનગર, એસ.ટી.ડેપો સામે Mo.98247 72171

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

**પ્રથમ પુણ્યતિથિએ પુણ્ય સ્મરણ**



**સ્વ. ડો. અરુણકુમાર બી. વ્યાસા**

સ્વ.તા. ૧૯-૦૮-૨૦૧૮

એક વર્ષ થઈ ગયું...
વ્યસ્તતા એવી છે કે, દિવસ..અઠવાડિયું..મહિનો અને વર્ષ
ક્યાં વિતી જાય છે એની ખબર સુધ્ધાં પડતી નથી,
પરંતુ આપના વિનાનું વર્ષ કેમ વિત્યું
એ માત્ર પરિવારજનોનું જ નહીં; આખા ગાંધીનગરનું મન જાણે છે.

એક નખશીખ આદર્શ ડૉક્ટર,
આખા નગરના સ્વજન-વડીલ અને અમારા પિતાશ્રી
**સ્વ. ડો.અરુણકુમાર વ્યાસાનું**
સ્મરણ વર્ષોવર્ષ આમ જ અકબંધ રહેશે.

લિ.
**ડો. પરેશ એ. વ્યાસા**
**પલક એ. વ્યાસા**
**અને સમસ્ત વ્યાસા પરિવાર**

PARAM